R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)-(ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 35/36 DATE: 05-09-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોએ ૧૦મી ઓગષ્ટને બ્લેક ડે દિલ્હીમાં તરીકે મનાવ્યો

દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો માટે ઈક્વલ રાઈટ્સ માટે આંદોલન ચલાવી રહેલાઓ ૧૦ ઓગષ્ટને બ્લેક ડે તરીકે દિલ્હી ખાતે મનાવ્યો હતો. ૧૦ ઓગષ્ટ બ્લેક ડે તરીકે મનાવવા પાછળનો હેતુ એ હતો કે પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડીયાએ ભારતના બંધારણમાં(શીડ્યુલ કાસ્ટ)સ્ટેટ્સનો આજના દિવસે ૧૯૫૦માં સહી કરી હતી.જેમાં દલિત હિદુ શીખો અને બુધ્ધિષ્ટોને શિડ્યુલ કાસ્ટની અનામતમાં આવરી લેવાયા હતા.

દિલ્હી ખાતે પ્રેસિડેન્ટલ ઓર્ડર ૧૯૫૦ની સામે રીઅપીલ કરવા માટે ડઝનથી વધારે ખ્રિસ્તી નેતાઓ અને હેટ ઓફ ચર્ચીસ ખાતે એકઠા મળ્યા હતા.એકઠા મળેલાઓને મોસ્ટ રેવ અનીલ કોન્ટો, આર્ચબિશપ ઓફ દિલ્હીએ સંબોધ્યા હતા.

રેવ.ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રેટરી,નેશનલ કાઉન્સીલ ઓફચર્ચીસ ઈન ઈન્ડીયા,સહિત અનેક માન્યવર ખ્રિસ્તી નેતાઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.

રેવ ડો.રોજર ગાયકવાડે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ કેવા પ્રકારની લોકશાહી છે જેમાં દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમા સાથે ભેદભાવ રાખવામાં આવે છે અને અળખામણા ગણવામાં આવી રહ્યા છે.

ડો.જોન દયાલ,પ્રેસિડેન્ટ, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમે જણાવ્યુંહતું કે આ નિર્ણય એ જાતિવાદી નિર્ણય છે.હવે લડતનો નિર્ણય આવવો જોઈએ.લડત લાંબા વર્ષોથી ચાલી રહી છે અને સરકારે આ પ્રશ્નને લટકાવી રાખ્યો છે.હજુ સુધી સુપ્રીમ કોર્ટમાં જવાબ આપ્યો નથી.




દિલ્હી સ્કેર્ડ હાર્ટ કેથેડ્રલ ખાતે બ્લેક ડે મનાવવામાં આવ્યો હતો.દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને ઈક્વલ રાઈટ્સ માટે ચલાવાયેલ લડત સામે હજુ સુધી ન્યાય મળ્યો નથી.દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને પ્રેસિડેન્ટશીયલ ઓર્ડર ૧૯૫૦,જે બંધારણના ઓર્ડર ૧૯૫૦ માંથી અનામતના હક્કોથી બાકાત રખાયા છે તેને માટે ચાલી રહેલ લડતે ૧૦મી ઓગષ્ટ બ્લેક ડે તરીકે મનાવ્યો હતો ત્યારે રેલીને સંબોધી રહેલા રેવ. ડો. રોજર ગાયકવાડ.

## અમદાવાદમાં પાટીદારોની ક્રાંતિકુચ બાદ ગુજરાતની શાંતિ હણાઇ ગઇ

પાટીદાર અનામત આંદોલનનું સૌથી મોટુ શક્તિ પ્રદર્શન અમદાવાદ ખાતે ૨૫ ઓગષ્ટે થયુ.અમદાવાદના જીએમડીસી મેદાન પર ગુજરાત ભરમાંથી પાટીદારોનો સમુહ એકઠો મળ્યો.મહેસાણાથી ૬ જુલાઈએ ચાલુ થયેલ પાટીદાર અનામત આંદોલન ૪૭ દિવસના ટુંકા ગાળામાં રાજ્યભરના પાટીદારોને એકત્રીત કરવામાં સફળ રહ્યા. આ રેલીમાં ગુજરાત ભરમાંથી આઠ લાખ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા. રેલી પહેલા સરકારે વાટાઘાટો માટે યોજેલી મંત્રણાઓ નિષ્ફળ રહી.આંદોલનના નેતા સરકારનો અને તેની બનાવેલ સમિતિનો વિરોધ કરતાં રહ્યા.આખરે શક્તિ પ્રદર્શન પુરુ થયા બાદ જે રીતે હાર્દિક પટેલે મુખ્યમંત્રીને આવેદનપત્ર સ્વીકારવા માટે મહાસભાના સ્થળે આવવા માટેની જીદ પકડ્યા બાદ,કરેલી ઉપવાસ જાહેરાત અનેત્યારબાદની બનેલી ઘટનાઓએ પાટીદારોને ઉશ્કેર્યા.પરિણામ એ આવ્યું કે આખુ ગુજરાતમાં એક અશાંતિની લહેર વ્યાપી ગઈ. સરકારી બસોની તોડફોડ,સરકારી મિલકતોમાં આગ,પોલીસ ચોકીઓનો સદંતર નાશ, પોલીસો પર હુમલા વિગેરે બાબતો ઉભી થઈ. છેલ્લા કેટલાક વર્ષ પહેલાની અશાંતિ ફરીથી જોવા મળી અને શહેરમાં ઠેર ઠેર કરફ્યુ લાદવામાં આવ્યો.

હવે સરકારને ગંભીરતા દેખાઈ અને કેન્દ્ર સરકાર પાસે પેરા મીલીટરી ફોર્સને મોકલવા જણાવ્યું.તાત્કાલિક પેરા મિલીટરી ફોર્સ ગુજરાતમાં આવી ગયો. પરંતુ તે પહેલા અશાંતિ એટલી હદે વ્યાપી ગઈ કે કરોડો રુપીયાનું નુકશાન ગુજરાતને થયું. હવે શહેરની પોલીસે હાથ ઉંચા કરી દીધા તેથી પેરા મિલિટરી ફોર્સે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળી લીધી.પરંતુ પાટીદારોની અનામત બાદ ઉભી થયેલ અશાંતિએ પુરા ગુજરાતને ધમરોળ્યું છે.રાજ્યમાં ઈન્ટરનેટ અને એસએમએસ સેવાઓ તાત્કાલિક અસરથી બંધ કરી દેવાઈ.સામાન્ય નાગરિકોની દશા બદતર બની ગઈ કારણકે એવો દહેશતનો માહોલ પેદા થયો કે લોકો અસલામતિનો અહેસાસ કરવા લાગ્યા.અશાંત પરિસ્થિતિમાં છેલ્લા મળેલા સમાચારો મુજબ લગભગ આઠ જેટલા વ્યક્તિઓએ પોતાના જાન ગુમાવ્યા છે.વણસેલી પરિસ્થિતિનો ધ્યાનમાં લઈનો વડાપ્રધાનને પણ શાંતિ માટેની અપીલો બહાર પાડવી પડી છે.શાંતિ બેહદ જરુરી છે. તોજ વિકાસ છે.

## આધારકાર્ડ નાગરિક માટે ફરજીયાત નહી રહે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડ બાબતે મહત્વનો આદેશ આપ્યો છે. તેમાં મુખ્યત્વે બે બાબતો સામેલ છે. એક તો આધાર કાર્ડ કોઈ નાગરિક માટે ફરજીયાત નહીં રહે અને બીજુ કે ચોક્કસ સરકારી લાભો મેળવવા માટે આધાર કાર્ડ ધરાવવું અનિવાર્ય નહીં હોય.જો કે, આ સ્પષ્ટતાઓ પછી પણ આધાર કાર્ડનો દરજ્જો હવે પાસપોર્ટ જેવો બની જશે. કેટલીક સુવિધાઓ કે લાભ મેળવવા માટે તે અનિવાર્ય હશે પરંતુ તે સિવાય દરેક નાગરિક માટે તે ફરજીયાત નહી જ હોય.સર્વિસ પ્રોવાઈડર જ્યારે નિયત કરે ત્યારે તેનો ઉપયોગ કરવાનો રહેશે.સરકારે સબસીડીને રોકડ ટ્રાન્સફર કરવામાં કોઈ ઉચાપતને અવકાશ ના રહે તે માટે રોકડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ પર બહુ મોટો મદાર બાંધ્યો છે.તે જોતા તે કેરોસીન જેવી ચીજો માટે હાલની બેવડી સબસીડી ખતમ થશે અને તે રોકડ ટ્રાન્સફર થશે ત્યારે તેના માટે આધાર કાર્ડ ફરજીયાત બની જશે.કોઈ વ્યક્તિ માત્ર આધાર કાર્ડ ના હોવાને કારણે કોઈ સરકારી યોજનાના લાભથી વંચિત ના રહે તે જોવાની જવાબદારી કોર્ટે સરકાર પર લાદી છે.જો કે સાથે સાથે કોર્ટે આધાર કાર્ડની ક્ષમતાઓનો પણ સ્વીકાર કરીને એલપીજી સબસીડી ટ્રાન્સફર અને ફુડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ અનિવાર્ય બનાવવાની સરકારની રજુઆતને સ્વીકારી છે.તે આવકાર્ય પણ છે.સરકારી સબસીડીઓના લાભ માટે બેન્ક ખાતાઓ સાથે આધારને જોડાણથી સબસીડી વિતરણમાં થતી ગોલમાલ અને ઉચાપત અટકી જશે. અન્ય દેશોમાં પણ જે રીતે સરકારી વેબસાઈટ્સ હેક કરવામાં આવે છે તે જોતાં આધાર કાર્ડ માટે એકત્ર કરાતાં અને વાપરવામાં આવતા ડેટાબેઝ અંગે વ્યક્ત કરવામાં આવેલી ચીંતાઓનો ઉકેલ વિચારવો જોઈએ.આધાર માટે એકત્ર કરાયેલી વ્યક્તિગત માહીતી કે બાયો મેટ્રીક્સ ડેટા કોઈને આપશે નહીં તેવી કોર્ટને સરકાર દ્વારા અપાયેલી ખાત્રી પર્યાત નથી.ભારતને લોકોની પ્રાઈવસી જાળવવા માટે જેના અલગ અલગ અર્થઘટન થઈ શકે તેવા હક્ક નહી પરંતુ એક કડક કાયદાની જરુર છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે બીજો એક મહત્વનો આદેશ જારી કર્યો હતો તેમાં જણાવાયુ હતું કે રાજ્યમાં મતદારયાદી શુધ્ધતા એ અધિકૃતતા કાર્યક્રમ અંતગર્ત મતદારોના આધાર નંબરને મતદારયાદીની વિગતો સાથે જોડવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. જોકે સુપ્રીમે આ કાર્યક્રમને સ્થગિત કરવાનો આદેશ જારી કર્યો હતો.આ મુદ્દે રાજ્યના તમામ જિલ્લાઓના સત્તાવાર અધિકારીઓને જાણ કરી દેવાઈ હતી.મતદાર યાદીની વિગતો સાથે મતદારો પાસેથી આધારકાર્ડની વિગતો મેળવીને તેને મતદારકાર્ડ સાથે જોડવાનો હતો.પરંતુ આ ચુકાદાના પગલે ભારત ચુંટણી પંચ દ્વારા આધારકાર્ડને લગતી તમામ કામગીરી જેવી કે આધાર કલેકશન,ફીડીંગ તેમજ સીડીંગ તાત્કાલીક અસરથી સ્થગતિ કરવાના આદેશો જારી કરી દેવાયા છે.આ સુચનાઓનું ઉલ્લંઘન ના થાય તે જોવા પણ સુચનાઓ જારી કરી દેવાઈ છે.

## સુભાષચંદ્ર બોઝનો કેજીબી રેકોર્ડ કેન્દ્ર સરકાર જાહેર નહીં કરે

આઝાદ હિંદ ફોજના સ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝનું ૭૦ વર્ષ પહેલાં કથિત વિમાન દુર્ઘટનામાં મોત થયું હતું.તેમનું મોત એક રહસ્યમય ઘટના બની ગઈ હતી.એનડીએની સરકાર સત્તા પર આવી અને વડા પ્રધાન જર્મનીની મુલાકાતે જવાના હતા ત્યારે આ રહસ્ય પરથી પડદો ઉંચકાશે તેવી જાહેરાતોની અફવાઓ ચાલતી હતી.વડાપ્રધાન નેતાજીના સગાવહાલાઓને મળી પણ આવ્યા.બંગાળમાં પણ તેની જાહેરાતો કરવામાં આવી જેથી ચુંટણીઓમાં તેનો લાભ મેળવી લેવાય.

પરંતુ વારંવાર એનડીએ સરકારે વચન આપ્યા છતાં તેમની કેજીબી ફાઈલ અંગેની વિગતો જાહરે નહીં કરવાનું નક્કી કર્યું છે.કદાચ એવુ પણ હોય કે હજુ સુધી બંગાળની ચુંટણી આવી નથી તેથી આ સત્યને ત્યાં સુધી ઢાંકી રાખવામા આવે અને ત્યાર બાદ આ સત્યના નામે મતોની રોકડી કરી લેવાય.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
**http:// jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

૨૫મી ઓગષ્ટ બાદ જે કંઈ ગુજરાતમાં બન્યું તેનુ વિશ્લેષણ કરવા બેસીએ તો એક વાત સ્પષ્ટ છે કે સરકારે આ આંદોલનને સામાન્ય કક્ષાનું ગણીને તેને ગણતરીમાં લીધું નહી અને આ મમતે ચઢેલા છોકરડાંઓને સમજાવી લેવાશેના ખ્યાલમાં પરિસ્થિતિ કાબુ બહાર જતી રહી.સરકારમાં બેઠેલાઓ જે સત્યની પ્રતિતિ કરી રહ્યા છે કે પાટીદાર સમાજના લોકોનો ઓબીસીમાં સમાવેશ કરવો શક્ય નથી.પરંતુ તે સિવાયના વિકલ્પ માટે પણ તેઓએ વિચારીને આંદોલનકારી લોકોને વિશ્વાસમાં લઈને અશાંત પરિસ્થિતિ ઉભી ના થાય તેને ટાળી શકાઈ હોત. કદાચ તેમની કલ્પના બહારની આ પરિસ્થિતિ ઉભી થઈ છે.વાત એ સુધી વણસી ગઈ કે આંદોલનકારીઓએ ખુરશી પર બેઠેલાઓને ચીમકી આપવા માંડી કે ખુરશી પર બેસાડનારા અમો છીએ અને ઉતારનારા પણ અમો છીએ. ભારતીય જનતા પાર્ટી અને સંઘના ખેરખાઓ પણ આવી પરિસ્થિતિની કલ્પના કરી નહોતી.વાત હવે એ હદે વણસી ગઈ છે કે સંઘની હિદુ રાજ્યની કલ્પના પર મોટો પ્રહાર થઈ ગયો છે.જાતિ અને જ્ઞાતિના ગણિત અને સમીકરણો બદલાઈ રહ્યા છે.કોઈને એકજુથ બનવા કરતાં પોતાનું મહત્વ વધારવામાં અને પોતાના હક્કો મેળવવામાં રસ છે. રાજકારણ ગમે તે હોય પરંતુ સમાજ અને કુટુંબના ભલા માટે તેઓ ગમે તે કક્ષાએ પહોચી શકે છે જે આ આંદોલને સમજાવ્યું છે. કોઈપણ પરિસ્થિતિને ઉગતી ડામવી કે તેના માટેના પ્રયત્નો કરીને તેનું સમાધાન શોધવું તે અગત્યનું છે.

આંદોલન બાદ શરુ થયેલા તોફાનોમાં રેલ્વેના પાટાઓની તોડફોડ, સરકારી બસો, મિલ્કતોની તોડફોડ,સરકારી કચેરીઓ કે જેમાં પ્રજાના અગત્યના દસ્તાવેજી પુરાવાનો નાશ, એવું લાગે કે સરકારને ઉથલાવી દેવાનું કાવત્રુ બની રહ્યું છે.લોકોમાં કેવા પ્રકારનો ગુસ્સો છે અને તેઓ કઈ હદ સુધી જઈ શકે છે. એક્સપ્રેસ હાઈવે પર લોકોના જીવ પડીકે બંધાઈ ગયા. કલાકોના કલાકો સુધી લોકો બંધક બનીને ઉભા રહ્યા અનેક બિમારોને હોસ્પીટલ પહોચવાની અગવડ પડી વિગેરે વિગેરે. આભાર માનીએ કે પરિસ્થિતિએ જુદો વળાંક લીધો નહી,અને સમગ્ર ઘટનાઓને કોમી દાવાનળમાં ફેરવી દીધું નહી. નહિતર ગુજરાતની છેલ્લા ૧૦ વર્ષોથી ચાલી આવતી શાંતિ ઘડીક પળમાં રોળાઈ જાત અને બીજા અનેક વર્ષો સુધી શાંતિનો અહેસાસ થતાં લાગત.જો કે હજુ પણ આ આંદોલનમાં જે લોકોએ સહન કર્યુ છે તેમના દિલમાં આ ઘાને ભુલવા માટે અનેક વર્ષો લાગશે. સમય જ ઘાનો મલમ છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

Tour Date 11 November,2015

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**

C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦

E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * *


## નોકરીના ઇન્ટરવ્યુ માટે જતા યુવાનો માટે બસભાડામાંથી મુક્તિ મળશે: મુખ્યમંત્રી આનંદીબેન પટેલ

ગુજરાત રાજયમાં નોકરીના ઈન્ટરવ્યુ આપવા માટે જતા તમામ યુવાનોને કોલલેટરના આધારે બસભાડામાંથી મુક્તિ આપવાની જાહેરાત મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ કરી હતી.નવરચિત મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે સ્વાતંત્રદિનની ઉજવણી અંતગર્ત રાષ્ટધ્વજને સલામી આપ્યા બાદ સંબોધન કરતાં તેમણે આ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે પર્યાવરણની જાળવણી માટે પ્લાસ્ટીકના વપરાશ અને ઉપયોગ પર અસરકારક નિયંત્રણ લાદવા,વિધવા પેન્સનની આવક મર્યાદામાં વધારો કરવા, યુવાનોને ઈન્ડ્રસ્ટ્રીયલ જોબ પ્લેસમેન્ટ માટે પીપીપી ધોરણે ચાર સ્કીલ ડેવલપમેન્ટ માટે સેન્ટર ઉભા કરવા અને વિવિધ તાલુકામાં ૧૧ કોલેજ ઉભી કરવાની જાહેરાત કરી હતી.

ગ્રામીણ ક્ષેત્રની નિરાધાર વિધવા મહિલાઓની આવક મર્યાદા રુ. ૨૭ હજારથી વધારીને રુ.૪૭ હજાર અને



શહેરી વિસ્તારની વિધવા મહિલાઓની આવક મર્યાદા ૩૬ હજારથી વધારીને ૬૮ હજાર કરવાની જાહેરાત કરી હતી.સ્વાતંત્ર સેનાનીઓના પેન્સનમાં રુ. ૬ હજારો વધારો કરવા ઉપરાંત તેમના આશ્રિતોનું પેન્સન વધારીને રુ.૭ હજાર કરવા સહિત રાજ્ય સરકારનો નિર્ણય જાહેર કર્યો હતો.મહિસાગર અને દાહોદ જિલ્લાના ૪૫ તળાવ,ચેકડેમ ભરવા આશરે રુ.૮૫૦ કરોડના ખર્ચે કડાણા આધારિત નવી ઉદ્વહન સિંચાઈ યોજનાની કામગીરી હાથ ધરવા અને બાલાસિનોર અને વિરપુર તાલુકાના ૧૦ ગામને સુજલામ સુફલામ કેનાલઆધારિત પાઈપલાઈન દ્વારા ૧૬ કરોડના ખર્ચે સિંચાઈની સુવિધા આપવામાં આવશે એમ જણાવ્યું હતું.

સરદાર પટેલ સમર્પિત ભાવના અને વ્યુહરચના થકી દેશની એકતા,અખંડિતતા એ સાર્વભૌમત્વ ટકાવી રાખવાની ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે માતૃભુમિની મુક્તિ માટે પોતાના પ્રાણોની આહુતિ આપનારા શહીદોને સ્મરણાંજલિ આપી તેમના ચિંધેલા માર્ગે રાજયના લોકોના સર્વાંગી વિકાસ માટે નારી શક્તિ,કૃષિ ક્રાંતિ,ઔદ્યોગિક વિકાસ, ગુણવત્તાસભર શિક્ષણ, ઉત્તમ આરોગ્ય સેવાઓ, વંચિતોના કલ્યાણ અને વનબાંધુઓની સમૃધ્ધિના આયોજનથી રાજયના સુરેખ વિકાસના દેશા-નિર્દેશ આપ્યા હતા.

ગુજરાતની વિકાસ યાત્રાનું વર્ણન કરતાં તેમણે જણાવ્યુ હતું કે દોઢ દાયકા પહેલાં રાજ્યમાં વીજ પુરવઠો, પીવાનું પાણી, પરિવહન માટેના રસ્તા, આરોગ્ય અને શિક્ષણની સુવિધા અપુરતી હતી.પરંતુ આજે પુરતી વીજળી, ઘરે ઘરે પીવાનુ પાણી, વિશ્વકક્ષાના રસ્તા,ગામેગામ શિક્ષણનો વ્યાપ અને છેક છેવાડાના ગામમાં આરોગ્ય સુવિધા અને ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસને કારણે આજે ગુજરાત દેશભરમાં એક મોડલ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે.દેશના ૬૯માં સ્વાતંત્ર દિને ઉજવણીમાં સાંસદો,ધારાસભ્યો,પદાધિકારીઓ, પોલીસ વડા સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

## સવર્ણો માટે આર્થિક - પેકેજ સ્કોલરશીપના વિકલ્પો માટે રાજ્ય સરકારની વિચારણા

રાજ્યમાં ચાલી રહેલ અનામત આંદોલનમાં પાટીદાર,બ્રાહ્મણ, રાજપુત સમાજ દ્વારા અનામતની માંગણી દિન પ્રતિદિન વધતી ગઈ છે.તેથી રાજ્ય સરકારે બિન અનામતમાં આવતા સવર્ણોને કેવી રીતે મદદ કરી શકાય તેના વિવિધ વિકલ્પોની વિચારણા શરુ કરી દીધી છે.સરકારે નિમેલી કમિટીના અધ્યક્ષ નિતિન પટેલે જણાવ્યું હતુ કે સરકાર કોઈને અન્યાય થવા દેશે નહીં.અનામતમાં નહિં આવતા મોટા વર્ગની જે રજુઆતો મળી રહી છે તેને સરકાર ગંભીરતાથી વિચારી રહી છે.

પટેલ સહિતના બિન અનાત સમાજો દ્વારા જે માંગણીઓ કરવામાં આવી રહી છે તેમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે પણ વિચારણા કરવામાં આવશે.શિક્ષણમાં થતાં અન્યાય સામે પણ સરકાર ધ્યાને લેશે.તે સાથે બિન અનામત વર્ગોને કોઈ આર્થિક પેકેજ પણ આપી શકાય કે નહીં તે અંગે પણ અભ્યાસ શરુ કરવામાં આવ્યો છે. તેમને ધંધા રોજગાર શરુ કરવા માટે સહાય આપીને ર્જાય સરકાર સામાજિક સંતુલન સાધવા માટે પણ પ્રયાસ કરશે અને કોઈપણ વર્ગને અન્યાય થઈ રહ્યો છે તેવુ લાગે નહી માટે સરકાર પ્રયત્ન કરશે.જો સરકાર બધાને ખુશ રાખી શકશે કે કેમ તે અંગે અનેક મતમતાંતરો છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# લોકતંત્રના મુળીયા ઊંડા છે પરંતુ પાંદડા સુકાવા લાગ્યા છે : રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ ૬૯ સ્વતંત્રતા દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ પાઠવેલ સંદેશામાં જણાવ્યુ હતું કે આપણી સંસ્થાઓ દબાણમાં છે. સંસદમાં ચર્ચા થવાને બદલે તે અખાડામણના અખાડામાં ફેરવાઇ ગઇ છે.તેમણે સંવિધાનની મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડો. ભીમરાવ આંબેડકરને ટાંકતા કહ્યું હતું કે જો લોકતંત્રની સંસ્થાઓ દબાણમાં હોય તો સમય આવી ગયો છે કે જનતા તથા તેના દળ ગંભીર ચિંતન કરે. સુધારાત્મક ઉપાયો અંદરથી જ આવવા જોઇએ.

જીવંત લોકતંત્રના મુળિયા ઊંડા છે. પરંતુ પાંદડા સુકાવા લાગ્યા છે.નવીનીકરણનો આ સમય છે.જો આપણે અત્યારે કોઇ કાર્યવાહી ન કરી તો સાત દાયકા બાદ આપણા ઉત્તરાધિકારીઓ આપણને સન્માનપુર્વક યાદ રાખી શકશે.જેમ આપણે યાદ રાખીએ છીએ. જેમણે આપણને ૧૯૪૭માં ભારતના સપનાને આકાર આપ્યો, ઉત્તર કદાચ



સુખદ નહી હોય પરંતુ પ્રશ્ન તો પુછવામાં આવશે જ.

સંવિધાનનો કિંમતી ઉપહાર લોકતંત્ર છે.આપણી સંસ્થાઓ આ આદર્શવાદનું પાયારુપ માળખું છે.શ્રેષ્ઠ વારસાના સંરક્ષણ માટે તેમની સતત જાળવણી કરતાં રહેવી જરુરી છે.ભારતના ૧૩૦ કરોડ નાગરિકો,૧૨૨ ભાષાઓ,૧૬૦૦ બોલીઓ તથા સાત ધર્મોનો એક જટિલ દેશ છે.

# સીરીયાના આર્કિયોલોજીસ્ટનો ઇસ્લામિક સ્ટેટના આંતંકીઓ દ્વારા શિરચ્છેદ

ઇસ્લામિક સ્ટેટના આતંકીઓ દ્વારા ક્રુરતાનો ભોગ સીરીયાના ઐતિહાસિક શહેર પાલમિરામા રહેતા શહેરના પ્રસિધ્ધ આર્કિયોલોજીસ્ટનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.આતંકીઓએ તેમનો મૃતદેહ પાલમિરામાં આવેલી ઐતિહાસિક રોમન કોલમ પર લટકાવ્યો હતો.આ માહિતી સીરીયન સ્ટેટ મીડીયા તથા એક એક્ટીવીસ્ટ ગ્રુપે આપી હતી.

ઇસ્લામિક સ્ટેટના આતંકીઓ દ્વારા આચરવામાં આવેલ ક્રુરતાપુર્ણ આ કૃત્યમાં ૮૧ વર્ષના આર્કિયોલોજીસ્ટ ખાલિદ અલ અસદનું માથુ કાપીને હત્યા કરવામાં આવી હતી.આઇએસ દ્વારા સીરીયા અને ઇરાકમાં ત્રીજા ભાગનો વિસ્તાર કબજે કરી લીધો હોવાનું મનાય છે.પાલમિરા પર કબજો જમાવ્યા પછી આઇએસના આતંકીઓએ આ કૃત્ય કર્યુ હતું.

તેમણે ૨૦૦૦ વર્ષ જુની રોમન કાળના આ શહેરનો સર્વનાશ કરી નાંખ્યો છે.અહીના ઐતિહાસિક સ્થળો દુનિયાના સૌથી જોવા લાયક સ્થળોમાં ગણાતાં હતા. આઇએસના આતંકીઓએ શહેરના ખ્યાતનામ મ્યુઝીયમની બહાર ખાલીદ અસદનો શિરચ્છેદ કર્યો હતો.તેઓ એક મહિનાથી આઇએસના બંધક હતા.ત્યારબાદ તેમના મૃતદેહને પાલમીરાની આર્કિયોલોજીકલ સાઇટ પર લઇ જવાયો હતો અને ત્યાં આવેલ એક રોમન કોલમ પર તે લટકાવી દીધો હતો.આતંકીઓ ખાલિદ પાસે શહેરમાં ક્યા એવા સ્થળો છે જ્યાં આતંકીઓથી છુપાવીને ખજાનાઓ રખાયા છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ગતિશીલ વિકાસના સંવાહક બનવા નાગરિકોને આહ્વાન આપતાં મુખ્યમંત્રી

સ્વાતંત્ર પર્વની શુભેચ્છા પાઠવતાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે નાગરિકોને રાજયના ગતિશીલ વિકાસના સંવાહક બનવાનું આહ્વાન કર્યુ છે.

તેમણે કહયુ હતું કે વિકાસ આખરે સામાન્ય માનવીની સુધારણા માટે જ હોય છે. સરકારનુ દાયિત્વ પણ સૌની સુખાકારી માટે જ હોય છે. દરિદ્રનારાયણની સેવા, વંચિતોનો વિકાસ અને સૌને સહિયારા પ્રયાસથી રાજયની વિકાસયાત્રાને સુસાસન-સુરાજય સાથે તેજ ગતિએ આગળ ધપાવવાનો તેમણે કોલ આપ્યો હતો.રાજયપાલ ઓ.પી. કોહલી પણ સૌનો સાથ, સૌનો વિકાસની ભાવનાને યર્થાથરુપે ચરિતાર્થ કરી વૈશ્વિકસ્તરે અગ્રિમ સ્થાને પહોચાનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો.

# સરકાર દ્વારા અપાતી જાહેર ખબરોના નિયમન માટે કેન્દ્રને સુપ્રીમની નોટીસ

સુપ્રીમ કોર્ટ વિવિધ સરકારો અને સત્તાવાળાઓ દ્વારા અપાતી સરકારી જાહેરાતોના નિયમન માટે ત્રણ સભ્યોના ઓમ્બુડસમેનના રચનાનો તેણે આપેલ આદેશનું પાલન થયું છે કે કેમ તે અંગે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો હતો.સરકારી જાહેરખબરો અંગે સુપ્રીમ કોર્ટની માર્ગરેખાઓનો ભંગ કરવા બદલ એક એનજીઓ સેન્ટર ફોર પબ્લીક ઇન્ટરેસ્ટ લિટીગેશનએ ફાઇલ કરેલી અરજી પર સુપ્રીમે આ નિર્દેશ આપ્યો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# નોર્થ ઇસ્ટ નાઇજીરીયા ખાતે ડઝનથી વધુ ખ્રિસ્તીઓનો બોકો હરામના આતંકીઓ દ્વારા શિરચ્છેદ



નોર્થ ઇસ્ટ નાઇજીરીયા ખાતે મુસ્લીમ આતંકવાદી સંગઠન બોકો હરામ દ્વારા ડઝનથી વધુ ખ્રિસ્તીઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.બોકો હરામ દ્વારા મારી નંખાયેલ આ ૧૬ જેટલા ખ્રિસ્તીઓ માછીમારો હતા.જેમને લેક ચાંદ ખાતેથી પકડવામાં આવ્યા હતા.આ સમાચાર ઇટાલીયન વેબસાઇટ ફોર કેથોલીક ચેરીટી એડ ટુ ચર્ચ ઇન નિડ તરફથી આપવામાં આવ્યા હતા.

બોર્નો સ્ટેટ ખાતેથી માછીમારોના નેતા અબુબકર ગામેન્ડીએ જણાવ્યું હતું કે બુંદારામ વિલેજ ફીશડેમ અને દ્વાતેર માલી ખાતે હુમલો કરીને આ માછીમારોને પકડી લેવાયા હતા.બોકો હરામ દ્વારા બંધુકનો ઉપયોગ નહી કરવાનું વિચારાયું હતું.એમ કરવાથી બાગા ખાતે સલામતી રક્ષકોને જાણ થાય નહીં.તેથી તેઓએ માછીમારોને પકડી લેઇને તેમનો શિરચ્છેદ કર્યો હતો.તેવું ગામેન્ડી દ્વારા એએફપીને જણાવાયું હતું.

આ વિસ્તારમાં સંદેશા વ્યવહારની સ્થિતિ ખુબજ ખરાબ છે.કારણકે બોકો હરામે આ વિસ્તારના મોટાભાગના મોબાઇલ ટાવરો તોડી પાડ્યા છે.તેથી આવા હુમલાઓની જાણકારી લાંબા અરસા બાદ મળે છે.બોકો હરામના આતંકીઓએ નાઇજીરીયામાં હજારો મુસ્લીમો અને ખ્રિસ્તીઓની કતલ કરી છે.આ ઉપરાંત હજારો યુવતીઓ,મહિલાઓના અપહરણ પણ કર્યા છે.ગત વર્ષે ચીબુક ખાતેથી કેટલીક ખ્રિસ્તી યુવતીઓના અપહરણ કરાયા હતા.બોકો હરામના ચેડની આજુબાજુના વિસ્તારોમાં હુમલાઓ વધી ગયા છે.કારણકે તેમને આશા છે કે આમ કરવાથી સરકાર આ વિસ્તારમાં તેમની સામેની લશ્કરી કાર્યવાહી ઓછી કરે.

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઇટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# આણંદ પાધરીયાના પનોતાપુત્ર મનોજ મેકવાનનું જ્વેલ ઓફ ઇન્ડીયાના ખિતાબથી સન્માન

ગુજરાતના ખ્રિસ્તી સમાજની યશગાથામાં એક અધ્યાય ઉમેરતાં આખી આલમ માટે છાતીને ગદગદ કરવાનો મોકો સાંપડ્યો છે. આણંદ પાધરીયાના પનોતાપુત્ર દેશની રાજધાનીમાં પોખાયા હતા. પાધરિયાથી પ્રગટેલી સેવાવૃત્તિની ફોરમ આજે સમગ્ર દેશમાં પ્રસરી છે. તા.૧૨.૮.૨૦૧૫ના રોજ ક્રિશ્ના મેનન ભવન ઓડીટોરીયમ,સુપ્રીમ કોર્ટ,નવી દિલ્હી ખાતે ઇન્ડીયન સોલીડારીટી કાઉન્સીલ દ્વારા સામાજિક ક્ષેત્રે અદ્વિતિય યોગદાન આપવા બદલ,આણંદ સીડીએસના પ્રમુખ શ્રી મનોજ કાન્તીલાલ મેકવાનને ડો ભીષ્મ નારાયણસિંઘ(પુર્વ કેન્દ્રીય મંત્રી અને તામિલનાડુંના રાજયપાલ)શ્રી ઓ.પી.વર્મા(પુર્વ ચીફ જસ્ટીસ)શ્રી જોગીન્દર સિંઘ(પુર્વ સી.બી.આઇ.ડાયરેક્ટર)ડો. ક્રિશ્નમુર્તિ(પુર્વ ચુંટણી કમિશ્નર ઓફ ઇન્ડીયા)તથા ઓ.પી.સકસેના(ઓલ ઇન્ડીયા લોયર્સ ફોરમના પ્રેસીડેન્ટ,સુપ્રીમ કોર્ટ)ની ઉપસ્થિતિમાં જ્વેલ ઓફ ઇન્ડીયાના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા.માનવતાના ફરમાન પર શોષિતો માટે સેવાયજ્ઞ પ્રગટાવનાર મનોજભાઇને અમારા લાખ લાખ અભિનંદન પ્રેષક : હસમુખ ક્રિશ્ચિયન

# શીખ વિરોધી રમખાણોમાં સંડોવાયેલા કોગ્રેસીઓને સંરક્ષણ આપવાના સોનિયા ગાંધી વિરુધ્ધના આરોપો ફગાવાયા

૧૯૮૪માં શીખવિરોધી રમખાણોના સંદર્ભમાં કોગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી વિરુધ્ધ દાખલ કરાયેલ માનવ અધિકાર ઉલ્લંઘન ખટલાને રદ કરતાં જિલ્લા અદાલતના ચુકાદા પર અમેરિકાની અપીલ કોર્ટે મહોર મારી હતી.કોર્ટે જણાવ્યું હતું કે પીટીશનમાં કોઇ જ પ્રકારનો આધાર નથી.ત્રણ જજોની બેન્ચે ચુકાદામાં કહ્યું હતું કે શીખ ફોર જસ્ટીસ સંગઠન દ્વારા સોનિયા ગાંધી વિરુધ્ધના કેસમાં કરાયેલી દલીલો આધારવિહોણી છે.સોનિયાગાંધીના વકીલ રવિ બત્રાએ અપીલ કોર્ટના ચુકાદાને ઐતિહાસીક ગણાવ્યો હતો.સોનિયા ગાધી વિરુધ્ધનો કેસ કાઢી નાંકીને અદાલતે ભારતની સ્વાયત્તતાને માન્યતા આપી છે.તેમણે કહ્યું હતું કે શીખ ફેડરેશન ભારતના નેતાઓ વિરુધ્ધ ખોટા અને બદનક્ષી આરોપો મુકી રહ્યું છે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં મુસ્લીમ દેશોના પ્રવાસે ગયા છે.તેઓ યુનાઇટેડ આરબ અમીરાતની મુલાકાતે ગયા ત્યારે ત્યાંના ક્રાઉન પ્રીન્સ શેખ મોહમંદ બીન ઝાયેદ અલ નહયાનને મળ્યા હતા.તેમની સાથે ભવિષ્યની કેટલીક ચર્ચાઓ કરી હતી.આતંકવાદની સમસ્યાઓ સાથે કેટલીક ચર્ચાઓ કરી હતી.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# અમેરિકાની પ્રથમ દસ યુનીવરસીટીમાં નીચેની યુની.નો નંબર આવે છે

તાજેતરમાં વિશ્વની પ્રથમ દસ શિક્ષણ સંસ્થાઓ માટેનો સર્વે કરવામાં આવ્યો. શાંઘાઇની જીયાઓ તાન યુની. દ્વારા વર્ષ ૨૦૧૫ માટે વિશ્વભરની યુની. માટે જારી કરાયેલ એકેડેમિક રેન્કીંગમાં ટોચની ૫૦૦ ટુની.માં ભારતની ફક્ત એકજ યુની.સ્થાન પ્રાપ્ત કરી શકી છે.અને તે છે બેંગ્લુરુ સ્થિત ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સને આ યાદીમાં સ્થાન મળ્યું છે.૨૦૦૩-૦૪માં પણ આ રેન્કીગમાં સ્થાન મેળવનારી એકમાત્ર યુની.માં પણ આજ યુની. હતી. તે સમયે તેનુ રેન્કીંગ ૨૦૦ની આસપાસ હતું.આ વખતે પણ તેણે ખુબ પીછેહઠ કરી છે.

પ્રથમ દસ યુની.માં અમેરિકાની આઠ યુનીવરસીટીનો નંબર આવે છે.

હાવર્ડ યુની., સ્ટનફર્ડ યુની., એમઆઇટી યુની.બ્રિકલી યુની., પ્રિન્સટન યુની.,કેલટેક યુની., કોલંબીયા યુની.,શિકાગો યુની. ,ઓકશફર્ડ યુની.

તો આનો અર્થ એવો થાય કે આપણા દેશમાં માત્ર વિદ્યાર્થીઓ પાસેથી નાણાં ખંખેરી લેતી યુની.ઓ અસ્તિત્વ ધરાવે છે.૨૦૧૦માં મેથેમેટીકસમાં દુનિયામાં કુલ રિસર્ચમાં ચીનનો હિસ્સો ૧૭ટકા હતો જ્યારે ભારતનો બે ટકા હતો.મટીરીયલ સાયંસમાં ચીનનો ૨૬ ટકા અને ભારતનો ૬.૪ ટકા.ફીજીક્સમાં ચીનનો ૧૯ ટકા અને ભારતનો ૪.૬ ટકા.વિશ્વની મહાસત્તા બનવા ખુબ મહેનત કરવી પડે.

# માજી નાણાંમંત્રી સનત મહેતાનુ અવસાન

પીઢ કોગ્રેસી નેતા રાજ્યના માજી નાણાં મંત્રી અને માજી સાંસદ સનતભાઇ મહેતાનું વડોદરા ખાતે ૯૧ વર્ષે અવસાન થયું હતું.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬


# ચાર ભારતીય શિક્ષકોના લીબીયામાં ઇસ્લામીક સંગઠન દ્વારા અપહરણ

ઇસ્લામીક સંગઠનના આતંકીઓ દ્વારા જારી કરવામાં આવેલ એક સમાચાર મુજબ લીબીયામાંથી ભારતના ચાર શિક્ષકોના અપહરણ કરવામાં આવ્યા છે.સમાચારો મુજબ ઇસ્લામીક સંગઠનના આધિપત્ય વાળા વિસ્તારમાંથી આ ચાર ભારતીય શિક્ષકોનું અપહરણ કરાયું હતું.ભારત સરકારે આ સમાચારોને પુષ્ટિ આપી હતી.અહેવાલો મુજબ ટ્રીપોલીની નજીક આવેલ સીરટી ટાઉનમાંથી એક સંધ્યાએ આ શિક્ષકોનું અપહરણ કરાયું હતું.તેઓ યુની.માં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા હતા.તેવું મીનીસ્ટ્રી ઓફ એક્સટ્રનલ એફેર્સ દ્વારા જણાવાયું હતું.

હજુ સુધી આ અપહરણ અંગે કોઇ માંગણી કરવામાં આવી નથી.પરંતુ અમે તેમના અંગેની જાણકારી મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે.તેવું ફોરેન મીનીસ્ટ્રીના ઓફીશ્યલ સોર્સીસ દ્વારા જાણવા મળ્યું હતું.ગત વર્ષે ભારત સરકારે ઇરાક,સીરીયા અને લીબીયામાં કામ અર્થે ગયેલા ભારતીયોને ત્યાંથી નીકળી જવા માટે કહેવામાં આવ્યું હતું.ઇરાકમાં હજુ ૩૯ ભારતીયોની ભાળ મળી નથી.

ઇસ્લામીક સંગઠનના આતંકીઓ દ્વારા ઇરાક અને સીરીયાના કેટલાક ભાગોમા કબજો જમાવી દીધો છે. ઇસ્લામીક સંગઠનના નેતાએ પોતાને ખલીફા જાહેર કરી દીધો છે.અપહરણ કરાયેલાના ભાવિ ખલીફાના મનસુબા પર આધારિત છે.અપહરણ કરાયેલ ભારતીયોના કુટુબીજનો ચિંતાગ્રસ્ત છે. પરંતુ તેમને માત્ર સરકારી અહેવાલો પર આધાર રાખવાનો છે.ઇસ્લામીક સંગઠનના આતંકીઓ જેમણે આ ભારતીયોના અપહરણ કર્યા છે તેઓ જાતે જો આ બંધકોને મુક્ત કરે તો તેમની મુક્તિની શક્યતા છે.ત્યાં સુધી તેમના જીવન માટે આપણે માત્ર પ્રાર્થનાઓ કરી શકીએ છીએ.

# વિયેટનામ જવા માટે અમદાવાદમાં જ વિઝા કેન્દ્ર શરુ કરાશે

ગુજરાતમાંથી ધંધાર્થે કે ફરવા જવાના હેતુસર અનેક લોકોની જરુરીયાત છે કે તેઓ વિશ્વના અનેક પ્રવાસન સ્થળોની મુલાકાત કરે. પરંતુ કેટલીક અગવડોને ધ્યાનમાં લઇને લોકો તે બાબતે વિચારતાં નથી. વિયેટનામ પણ પ્રવાસન માટે એક અનેરુ સ્થળ છે.જેથી વિયેટનામ જવા માંગતા પ્રવાસીઓ વિઝા લેવા માટે દિલ્હી સ્થિત વિયેટનામની એમ્બેસીમાં જવું પડતું હતું. પરંતુ હવે વિયેટનામે અમદાવાદ ખાતે વિઝા માટેની સુવિધા માટે કેન્દ્ર શરુ કરતાં સરળતાથી વિઝાની કામગીરી અહીયાથી શક્ય બનશે.

વિયેટનામના ભારત ખાતેના મંત્રી ટ્રાન ક્વાન તુયેને કોક્સ એન્ડ કિંગ્સ ગ્રોબલ સર્વીસીઝ મારફતે અમદાવાદમાં વિયેટનામ સુવિધા કેન્દ્ર ની શરુઆતની ધોષણા કરી હતી.ભારતમાંથી દર વર્ષે ૫૫૦૦૦થી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જાય છે.જેમાંથી મોટો હિસ્સો ગુજરાતના પ્રવાસીઓનો છે.

વિયેટનામ એમ્બેસીના મંત્રી ટ્રાન ક્વાન તુયેને જણાવ્યું હતું કે વિયેટનામ દક્ષિણ એશીયાના દેશોમાં લોકપ્રિય હોલિડે ડેસ્ટીનેશન પણ બની રહ્યું હોવાથી વિયેટનામ સરકારે ભારતમાં કોલકત્તા,ચંદીગઢ,જયપુર અને અમદાવાદમાં વિઝા સુવિધા કેન્દ્રો શરુ કર્યા છે.આ વર્ષે ૭૫૦૦૦હજારથી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જશે તેવી તેઓની ધારણા છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.